જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

<u>તા.૩૦/૦૮/૨૦૨૩</u> <u>બુધવાર</u>

## <u>અમદાવાદ શહેર પોલીસ સમાચાર</u>

## <u>કૃષ્ણનગર પો.સ્ટે. વિસ્તારમાંથી વિદેશી દારુની બોટલો તથા ટીન બીયર મળી નંગ-૪૩૧ કિ.રૂ.૯૪,૮૨૦/- મળી કુલ્લે રુપિયા ૧,૦૪,૮૨૦/- નો મુદામાલ ઝડપી પાડતી પી.સી.બી.</u>

પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે આજરોજ રાત્રે પોલીસ સબ ઈન્સપેકટર શ્રી વી.જી.ડાભી તથા સ્ટાફના મ.સ.ઈ. મહંમદયુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, મ.સ.ઈ.ચેતનકુમાર હિતેષભાઈ બ.ન.૧૩૫૩૮, અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪, અ.હે.કો.નરેન્દ્રકુમાર મેરુભાઈ ૪૮૯૯, આ.હે.કો. મહેન્દ્રકુમાર ઉદેસંગભાઈ બ.ન.૪૮૯, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧, તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા, દરમ્યાન અહેકો નરેન્દ્રકુમાર મેરુભાઈ તથા અહેકો પરાક્રામસિહ ભગવાનભાઈ નાઓને સંયુક્તરીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે કૃષ્ણનગર, નવા નરોડા, બાપા સીતારામ ચોક પાસે, શિરોમણી પાર્કના કોમન પ્લોટમાં થી વિદેશી દારુની સીલબંધ બોટલો નંગ ૩૮૦ તેમજ ટીનના બીયર નંગ ૫૧ મળી કુલ્લે નંગ ૪૩૧ કિ.રૂ.૯૪,૮૨૦/ તેમજ અન્ય મુદામાલ સાથે મળી કુલ્લે રુપિયા ૧,૦૪,૮૨૦/- નો મુદામાલ ઝડપી નહી પકડાયેલ આરોપી રાજુ ભગીરથસિહ રાજપુત રહે. રામેશ્વર પાર્ક, નરોડા, અમદાવાદ શહેર તથા અન્યો વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી કૃષ્ણનગર પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૧૩૨૩૦૭૪૧/૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી),૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

<u>નહી પકડાયેલ આરોપી :</u> (૧) રાજુ ભગીરથસિહ રાજપુત રહે. રામેશ્વર પાર્ક, નરોડા, અમદાવાદ શહેર તથા બોપલ અમદાવાદ (૨) ધમો નામનો માણસ (૩) મોબાઈલ નંબર નો માલીક

<u>ગુનાની જગ્યા :</u> કૃષ્ણનગર, નવા નરોડા, બાપા સીતારામ ચોક પાસે, શિરોમણી પાર્કના કોમન પ્લોટમાં

<u>પકડાયેલ મુદામાલ :</u> (૧) વિદેશી દારુની બોટલો નંગ-૩૮૦ તથા ટીન બીયર નંગ ૫૧ મળી કુલ્લે નંગ ૪૩૧ કિ.રૂ.૯૪,૮૨૦/- (૨) મોબાઈલ ફોન નંગ ૧ કિ.રૂ. ૧૦,૦૦૦ મળી કુલ્લે રુપિયા ૧,૦૪,૮૨૦/ ની મત્તાનો મુદામાલ

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૪/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૧૯ લીટર દેશી દારૂ, ૩૮૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૭ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૩૦ બીયરટીન, ૦૧ સ્કુટર અને ૦૨ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭,૮૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૫/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૬/૨૦૨૩**

**નવરંગપુરાઃ** મનીષકુમાર જીતેન્દ્રભાઈ પટેલ (ઉ.વ.૫૭)(રહે.સબંધ બંગ્લોઝ ગુરૂદ્વારા પાછળ થલતેજ) એ તા.૨૯/૦૮/૨૦૨૩ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૮/૨૦૨૨ થી તા.૧૩/૦૯/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા શ્રીમાળી સોસાયટી પ્લોટ નં-૪૨ ખાતે આવેલ “મંગલમ ડ્યુરા જેટ ટેકનોલોજી પ્રા.લી” નામની મનીષભાઇની કંપની ખાતેથી આરોપી ધવલ હસમુખલાલ શાહ અને કુંતીબહેન ધવલભાઈ શાહ (બંને રહે.સ્ટ્રાફ લકઝુરીયા ફલેટ શરદ મહેતા પાર્ટી પ્લોટ સામે મેમનગર) એ ભેગામળી મનીષભાઇની “મંગલમ ડ્યુરા જેટ ટેકનોલોજી પ્રા.લી” કંપનીમાંથી અલગ-અલગ કંપનીઓમાં માલ મોકલાવી તે માલનું પેમેન્ટ આરોપીઓએ તેમની જનક એન્ટરપ્રાઇઝ તથા ડુરા કલર નામની કંપનીઓમાં મેળવી લઇ મનીષભાઇની કંપનીને માલનુ પેમેન્ટ નહી કરી તેમજ મનીષભાઇની અન્ય અલગ-અલગ કંપનીઓમાંથી હાથ ઉછીના રૂપિયા આરોપીઓની ડુરા કલર કંપનીમાં મેળવી લઇ તે રૂપિયા પણ મનીષભાઇની કંપનીને પરત નહી ચુકવી કુલ રૂપિયા ૧૦,૩૧,૮૩,૨૭૭/- મેળવી લઇ, મનીષભાઇની કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એ.દેસાઇ ચલાવે છે.

**બાપુનગરઃ** જગદિશભાઇ વલ્લભભાઇ ભુવા (ઉ.વ.૫૫)(રહે,સ્ટેકટા હાઉસ, લાલીવાલા એસ્ટેટ, ભકતિનગર પાસે, લીલાનગર રોડ, બાપુનગર) એ તા.૨૯/૦૮/૨૦૨૩ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૪/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન બાપુનગર લાલીવાલા એસ્ટેટ શેડ નં.૨૩૬ ખાતે “સ્પેકટા હાઉસ” પ્રોસેસો પ્લાસ્ટ એન્ટરપ્રાઇઝ પ્રા.લી. કંપની ખાતે આરોપી અન્વયકુમાર ભીખાભાઇ સુથાર (રહે,પરમેશ્વર પાર્ક, અમીન પાર્ટી પ્લોટ પાસે, ગોત્રી, વડોદરા) એ જગદિશભાઇને વિશ્વાસમાં લઇ તેમના પુત્રને ઓસ્ટ્રેલિયા ખાતે વિદેશ પ્રવાસ જવા સારૂ એર ટિકિટ બુકીંગ, હોટલ બુકીંગ, કાર રેન્ટલનું બુકીંગ કરાવી આપવાનું કહી, જગદિશભાઇ પાસેથી ટુકડે-ટુકડે ૧૨,૭૫,૩૮૫/- મેળવી લઇ વિદેશ પ્રવાસની ટિકિટો નહીં કરાવી આપી જગદિશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એસ.રાવલ ચલાવે છે.

**<u>ઘરફોડઃ</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૨૭/૨૦૨૩</u>**

**રામોલઃ** વિરેન્દ્રસિંહ બજરંગસિંહ રાઠોડ (ઉ.વ.૩૮)(રહે.હરેશ્વરપાર્ક સોસાયટી આર.એ.એફ. કંપનીની બાજુમા વસ્ત્રાલ) એ તા.૨૯/૦૮/૨૦૨૩ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૮/૨૦૨૩ ના કલાક ૮/૦૦ થી તા.૨૦/૦૮/૨૦૨૩ ના કલાક ૭/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, કબાટના ડ્રોઅરમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૧,૩૨,૦૦૦/-, ચાંદીની વીંટી કિંમત રૂપિયા ૧,૫૦૦/- અને રોકડ રૂપિયા ૮૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૧,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી હિરેન્દ્રસિંહ અનોપસિંહ ચલાવે છે.

**ગોમતીપુરઃ** મોહમદહુસેન અહેમદભાઇ મણીયાર (ઉ.વ.૬૧)(રહે.ઝલક ફલેટ, રાજપુર ટોલનાકા પાસે, ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૮/૨૦૨૩ બપોરના ૩/૦૦ થી સાંજના ૪/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૯૩,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩,૬૯,૫૫૦/- મળી કુલ રૂપિયા ૪,૬૨,૫૫૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.કે.ભારાઇ ચલાવે છે.

**<u>ચોરીઃ</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૨૮/૨૦૨૩</u>**

**એરપોર્ટઃ** દિપકુમાર પંકજભાઇ દોશી (ઉ.વ.૩૧)(રહે.ગોકુલનાથજી ના મંદિર પાસે, લુણાવાડા, જીલ્લોઃ મહિસાગર) એ તા.૨૯/૦૮/૨૦૨૩ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૮/૨૦૨૩ સાંજના ૪/૩૫ થી રાતના ૯/૩૦ વાગ્યા દરમ્યાન અમદાવાદ એરપોર્ટ ટર્મીનલ- ૨ ખાતેથી દિપકુમારની બેગમાંથી ૧૨,૦૦૦ અમેરીકન ડોલર કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

**નરોડાઃ** શારદાબહેન વા/ઓ રતીલાલ પરમાર (ઉ.વ.૫૩)(રહે.ધરણીધર બંગ્લોઝ સર્જન બંગ્લોઝની બાજુમા કૃષ્ણનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૮/૨૦૨૩ સવારના ૮/૫૦ થી કલાક ૯/૫૦ વાગ્યા દરમ્યાન નરોડા પાટીયા સર્કલ થી હિંમતનગર જવા સારૂ એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે શારદાબહેન એસ.ટી બસમા ચઢતા હતા ત્યારે ભીડનો લાભ લઈ શારદાબહેનની નજર ચુકવી તેમના ગળામા પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એફ.ડાભી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૨૯/૨૦૨૩</u>**

**શહેરકોટડાઃ** પંકજસિંગ શ્યામવીરસિંગ તોમર (ઉ.વ.૨૫)(રહે.સહકારનગર રાજસ્થાન વિડીયો પાસે પ્રેમનગર મેમ્કો) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૮/૨૦૨૩ ના કલાક ૩/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક મકાનમાં છતમાં લાગેલ લોખંડની પાઇપ સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ જગતસિંહ ચલાવે છે.

**એરપોર્ટઃ** દશરથભાઈ વાલજીભાઈ ઠાકોર (ઉ.વ.૨૪)(રહે.ઠાકોર વાસ કોતરપુર ગામ સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૮/૨૦૨૩ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચંદ્રભાઇ નાનજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી